# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-09-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, વર્ષ 2047 સુધી વૈશ્વિક દરિયાઈ વેપારમાં ભારતની ભાગીદારીને ત્રણ ગણી કરવાનો સરકારનો લક્ષ્યાંક.
2. પ્રધાનમંત્રીએ ભાવનગરથી 32 હજાર કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું.
3. શ્રી મોદીએ જાહેરાત કરી કે, દરિયાઈ ક્ષેત્ર ટૂંક સમયમાં "એક દેશ, એક બંદર પ્રક્રિયા"ને અપનાવશે
4. પ્રધાનમંત્રીએ અમદાવાદ નજીક લોથલની મુલાકાત લઈ રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંકુલના કામની સમીક્ષા કરી
5. રાજ્યમાં આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી.
6. સુરેન્દ્રનગરનાં ખેલાડી આરતી નાગોહે-એ ટેકવૅન્ડો સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# NEWS PM MODI GUJARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દરેક ક્ષેત્રમાં આત્મનિર્ભરતાનું આહ્વાન કરતા કહ્યું, વિદેશ પર ભારતની નિર્ભરતા તેના સૌથી મોટા દુશ્મનોમાંથી એક છે. તેમણે કહ્યું, વર્ષ 2047 સુધી વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા વિશ્વ સમક્ષ ભારત એક આત્મનિર્ભર દેશ તરીકે ઊભું રહે તે સમય હવે આવી ગયો છે.

ભાવનગરમાં આજે "સમુદ્ર સે સમૃદ્ધિ" કાર્યક્રમને સંબોધતા ભારતને એક દરિયાઈ મહાશક્તિ બનાવવાની પોતાની સરકારના સંકલ્પ અંગે પ્રધાનમંત્રીએ કહ્યું, વર્ષ 2047 સુધી વૈશ્વિક દરિયાઈ વેપારમાં ભારતની ભાગીદારીને ત્રણ ગણી કરવાનો સરકારનો લક્ષ્યાંક છે. કાર્યક્રમ દરમિયાન શ્રી મોદીએ 32 હજાર કરોડ રૂપિયાથી વધુની અનેક પરિયોજનાનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું.

**(BYTE: PM NARENDRA MODI) - INAUGURATION**

ભારતની ઐતિહાસિક દરિયાઈ શક્તિનો ઉલ્લેખ કરતા શ્રી મોદીએ કહ્યું, દેશ હવે આપણા વારસાને પુનઃપ્રાપ્ત કરવા અને એક વૈશ્વિક દરિયાઈ શક્તિ તરીકે ઉભરી આવવા સખત મહેનત કરી રહ્યો છે. ભારતના દરિયાકાંઠાને હંમેશા સમૃદ્ધિના પ્રતીક ગણાવતા શ્રી મોદીએ તે દેશના ભાવિ વિકાસના પ્રવેશદ્વાર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

દરિયાઈ ક્ષેત્ર ટૂંક સમયમાં "એક દેશ, એક બંદર પ્રક્રિયા"ને અપનાવશે અને તેનો ઉદ્દેશ સમગ્ર દેશમાં બંદર પ્રક્રિયાઓને સરળ બનાવવાનો છે તેમ શ્રી મોદીએ ઉમેર્યું.

સ્વદેશી જહાજ નિર્માણમાં ભારતની ક્ષમતાઓ પર પ્રકાશ પાડતા શ્રી મોદીએ I.N.S. વિક્રાન્તનું ઉદાહરણ આપ્યું. તેમણે દરિયાઈ અર્થતંત્રને પ્રોત્સાહન આપવા સરકાર દ્વારા લેવાયેલા વિવિધ પગલાઓ અંગે પણ જણાવ્યું.

**(BYTE: PM NARENDRA MODI) – INS**

ભારતના સભ્યતાપૂર્ણ દરિયાઈ વારસાનો ઉલ્લેખ કરતા પ્રધાનમંત્રીએ કહ્યું, સરકાર દેશની પ્રાચીન દરિયાઈ પરંપરાઓને પ્રદર્શિત કરવા અને તેને ભાવિ પેઢીઓ માટે સાચવી રાખવા લોથલમાં એક રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંગ્રહાલયનું નિર્માણ કરી રહી છે.

-------------

# PM MODI- LOTHAL VISIT

ભાવનગર બાદ પ્રધાનમંત્રીએ અમદાવાદ નજીક આવેલા પ્રાચીન શહેર લોથલની મુલાકાત લઈ રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંકુલના કામની સમીક્ષા કરી. તેમણે નિર્માણાધિન કાર્યોનું નિરીક્ષણ કરી અને અધિકારીઓ સાથે એક સમીક્ષા બેઠકની અધ્યક્ષતા પણ કરી.

ઉલ્લેખનીય છે કે, ચાર હજાર 500 કરોડ રૂપિયાના ખર્ચે ઐતિહાસિક સ્થળ લોથલમાં આ સંકુલનું નિર્માણ થઈ રહ્યું છે. તેનો ઉદ્દેશ ભારતના સમૃદ્ધ દરિયાઈ વારસાને વિશ્વ સમક્ષ પ્રદર્શિત કરવાનો છે. ક્યારેક તે સિંધુ

ખીણ સભ્યતાનું એક મહત્વનું વેપાર કેન્દ્ર હતું. આ પહેલા પ્રધાનમંત્રીએ ધોલેરા સ્માર્ટ સિટીનું હવાઈ નિરીક્ષણ પણ કર્યું.

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# PM MODI MOVIE REVIEWW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસથી એક સપ્તાહ સુધી "ચલો જીતે હૈ" ફિલ્મ રાજ્યના દરેક સિનેમાગૃહમાં નિઃશુલ્ક દર્શાવવામાં આવી રહી છે. દર્શકો આ ફિલ્મથી પ્રેરણા લઈ તેની પ્રશંસા કરી રહ્યા છે. અમદાવાદમાં ફિલ્મ જોનારાં વિદ્યાર્થિની વિશ્વા દલવાણીએ આ અંગે પ્રતિક્રિયા આપી.

**(BYTE: વિશ્વા દલવાણી)**

-------------

# WEATHER FORECAST

હવામાન ખાતાએ આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. જ્યારે આવતીકાલે દક્ષિણ, ઉત્તર અને મધ્ય ગુજરાતમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે.

દરમિયાન રાજ્યમાં આજે ફરી વરસાદી મોજું ફરી વળતાં સાંજે ચાર વાગ્યા સુધીમાં 27 તાલુકામાં વરસાદ થયો છે. સૌથી વધુ  એક ઇંચ જેટલો વરસાદ ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકામાં થયાના અહેવાલ છે. આ સાથે જ રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો કુલ સરેરાશ 110 ટકા જેટલો વરસાદ નોંધાયો છે.

બીજી તરફ, રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા યોજનામાં 96 ટકા જેટલો જળસંગ્રહ થયો છે. જ્યારે અત્યાર સુધી 118 બંધ સંપૂર્ણ ભરાઈ ગયા છે. હાલ 145 બંધ હાઈ-અલર્ટ અન 15 બંધ અલર્ટ પર હોવાના પણ અહેવાલ છે.

-------------

# DISTRICT RAIN

રાજ્યમાં આજે કેટલાક જિલ્લામાં વરસાદી માહોલ છવાયો. ડાંગમાં બપોર બાદથી મુખ્યમથક આહવા, ઘોઘલા, બોરખેત, ભિસ્યા, ચંખલ, બોરખલ જેવા ગામમાં ધોધમાર વરસાદ થયો. અચાનક આવેલા વરસાદને લઈ લોકોમાં આનંદની લાગણી જોવા મળી.

અરવલ્લીમાં પણ વાતાવરણમાં પલટો આવતા મોડાસા, માલપુર સહિતના વિવિધ તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે.

-------------

# SURENDRANAGAR MEDAL

સુરેન્દ્રનગરનાં ખેલાડી આરતી નાગોહે-એ લડાઈની રમતગમત એટલે કે, ટૅકવૅન્ડો સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. પાટડીનાં જીવણગઢ ગામનાં આ ખેલાડીએ તાજેતરમાં સુરતમાં યોજાયેલી ખેલો ઇન્ડિયા અસ્મિતા લીગમાં આ સિદ્ધિ મેળવી. તેમણે ભવ્ય પ્રદર્શન કરીને અન્ય ખેલાડીઓને મ્હાત આપી છે. આરતી નાગોહે હાલ નડિઆદનાં જિલ્લાકક્ષાના રમતગમત સંકુલ- DLSSમાં અભ્યાસની સાથે રમતગમતની તાલીમ પણ લઈ રહ્યાં છે.

ઓડિશાના કટક ખાતે ભારતીય રમતગમત સત્તામંડળ દ્વારા યોજાયેલી ટૅકવૅન્ડો ચોથી સબ-જૂનિયર અને સિનિયર નૅશનલ ચેમ્પિયનશીપ 2025-26માં પણ તેમણે કાંસ્ય ચંદ્રક જીત્યો છે.

-------------

# SWACHCHTA HI SEWA

સ્વચ્છતા હી સેવા રાષ્ટ્રવ્યાપી અભિયાન તથા સેવા પર્વ કાર્યક્રમ અંતર્ગત નવસારીના ઐતિહાસિક દાંડી બીચ પર સફાઈ ઝૂંબેશ હાથ ધરાઇ. સ્વચ્છતા સાથે પર્યાવરણ પ્રત્યેની જવાબદારી દરેક નાગરિક નિભાવે તે અંગે લોકોને જાગૃત કરાયા.

પોરબંદરના ચોપાટી બીચ પર આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠાની સફાઈ (ICC) દિવસ 2025ની ઉજવણી થઇ. પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડિયા, ભારતીય તટરક્ષકના કર્મચારીઓ સહિત મોટી સંખ્યામાં સ્વયંસેવકો સફાઈ અભિયાનમાં જોડાયા. આ અંગે તટરક્ષકના DIG પંકજ અગ્રવાલે વધુ માહિતી આપી.

**(બાઈટ- PANKAJ AGRWAL DIG- PORBANDAR )**

આંતરરાષ્ટ્રીય તટીય સ્વચ્છતા દિવસ નિમિત્તે જામનગર તથા વાડીનારમાં આઠ ગુજરાત નેવલ યુનિટના એનસીસીના કેડેટ્સ દ્વારા સ્વચ્છ ભારત રાષ્ટ્રીય મિશન અંતર્ગત સફાઈ અભિયાન હાથ ધર્યું.

વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલની ઉપસ્થિતિમાં સુરતમાં સ્વચ્છતા ઝૂંબેશ હેઠળ ડુમ્મસ બીચની સફાઈ કરવામાં આવી.

વેરાવળ દરિયાકિનારે ફીશરીઝ કોલેજ તેમજ NCCR ચેન્નઈના સંયુક્ત ઉપક્રમે દરિયાકિનારા સફાઈ દિવસની ઉજવણી કરવામાં આવી.

મોરબીની હળવદ નગરપાલિકા દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત હળવદમાં મુખ્ય બજાર સહિત અનેક વિસ્તારમાં સફાઈ હાથ ધરાઇ.

પાટણના સિદ્ધપુરમાં રાજ્યના કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂત અને રાજ્યસભા સાંસદ મયંક નાયકની ઉપસ્થિતિમાં સિદ્ધપુર બસ મથક પરિસરમાં સ્વચ્છતા અભિયાન અને વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો. તેમજ એપીએમસી હોલ ખાતે પ્રબુદ્ધ નાગરિક સંમેલન યોજાયું.

એસ.ટી.બસ મથક ખાતે સેવા પખવાડીયા અંતર્ગત "સ્વચ્છતા અભિયાન" કાર્યક્રમમાં શ્રી રાજપૂતે સ્વચ્છતા માટે શ્રમદાન કર્યું.

-------------

# GST REFORMS – PHARMA SECTOR

વસ્તુ અને સેવા કર- GST પરિષદે કર માળખામાં ઘટાડાના નિર્ણયને રાજ્યભરમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. આ નિર્ણયથી અનેક વસ્તુઓના ભાવમાં ઘટાડો થશે અને લોકને લાભ થશે. GST પરિષદના આ નિર્ણય અંગે વડોદરાના વેપારીએ પ્રતિક્રિયા આપી.

**(BYTE: VEPARI)**

-------------

# SWASTH NARI -SHASHAKT PARIVAR

સાબરકાંઠામાં શહેરી આરોગ્ય કેન્દ્ર હિંમતનગર ખાતે સ્વસ્થ નારી સશકત પરિવાર અભિયાન અંતર્ગત આરોગ્ય શિબિર યોજાઇ. તેમાં 180 જેટલા લાભાર્થીએ ભાગ લીધો.

-------------

## AMBAJI MANDIR TIME

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મંદિરમાં નવરાત્રિના પ્રારંભે 22 સપ્ટેમ્બરે દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. સોમવારે સવારે સાડા સાત વાગ્યાથી આઠ વાગ્યા સુધી આરતી થશે. ત્યારબાદ આઠથી સાડા 11 વાગ્યા સુધી દર્શન થઈ શકશે. બપોરે 12 વાગ્યે માતાજીને રાજભોગ ધરાવાશે.

જ્યારે બપોરે સાડા 12 વાગ્યાથી સાંજે સવા ચાર વાગ્યા સુધી દર્શન થશે. ત્યારબાદ સાંજે સાડા છ વાગ્યાથી સાત વાગ્યા સુધી આરતી અને સાત-થી રાત્રે નવ વાગ્યા સુધી દર્શન થશે. સોમવારે સવારે નવથી સાડા 10 વાગ્યા સુધી ઘટ સ્થાપન કરાશે.

-------------

## RAJYAPAL MEHSANA

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે લોકોને આરોગ્યપ્રદ આહાર મળે તે માટે પ્રાકૃતિક ખેતી અપનાવવા પર ભાર આપ્યો. મહેસાણામાં સતલાસણા

તાલુકાના જશપુરિયા ખાતે ખેડૂતો સાથે પ્રાકૃતિક ખેતી અંગે સંવાદ કરતા રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી આવશ્યકતા બની ગઈ હોવાનું જણાવ્યું. રાજ્યપાલશ્રીએ વર્તમાન સમયે ટૅક્નોલૉજીનો ઉપયોગ કરીને પશુપાલન કરવાનો આગ્રહ કરી ખેડૂતોને પ્રેરિત કર્યા હતા. કૃષિ પરિસંવાદ અગાઉ તેમણે સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અંતર્ગત સર્વરોગ નિદાન શિબિરની પણ મુલાકાત લીધી.

-------------

# SURENDRANAGAR -HEALTH CAMP

સુરેન્દ્રનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યને પ્રાથમિકતા આપવા કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે આરોગ્ય શિબિર યોજાઇ. આ અંગે કલેક્ટર રાજેન્દ્રકુમાર પટેલે કહ્યું અધિકારીઓ અને કર્મચારીઓના આરોગ્યની કાળજી લઈ તેમને વધુ ઉર્જાસભર, સશક્ત અને સક્રિય બનાવાશે.

શિબિરમાં બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, રક્ત પરીક્ષણો જેવી મહત્ત્વની તપાસ ઉપરાંત વ્યક્તિગત આરોગ્યલક્ષી માર્ગદર્શન અને સલાહ પણ આપવામાં આવી હતી.

-------------

# RASHTRIY POSHAN MAAH

સુરતના કામરેજ તાલુકાના નવાગામ પ્રાથમિક શાળાના પરિસરમાં સંકલિત બાળવિકાસ યોજના - ICDS ઘટક કચેરી કામરેજ દ્વારા પોષણ ઉત્સવ કાર્યક્રમ યોજાયો. **દરમિયાન લોકોએ "આઠમાં રાષ્ટ્રીય પોષણ માસ" અંતર્ગત** પોષણ શપથ લીધા. સંતુલિત અને પૌષ્ટિક આહાર લેવા તેમજ આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવવા, સ્વચ્છતા જાળવવા તેમજ નિયમિત કસરત કરવા પર ભાર મૂકાયો.

કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકર તેમજ લાભાર્થી બહેનો દ્વારા ટેક હોમ રાશન અને શ્રીઅન્નમાંથી બનતી પોષણક્ષમ વાનગીઓ માટેની સ્પર્ધા યોજાઈ. વિજેતાઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.

------------

# MORBI - GARABA

મોરબીમાં સાત વ્યવસાયિક સહિત 571 સ્થળે નવરાત્રિનું આયોજન કરાયું છે. મહોત્સવમાં લોકોની સુરક્ષા માટે ત્રણ જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક, 16 પોલીસ ઇન્સ્પેક્ટર અને 22 પોલીસ સબઇન્સ્પેક્ટર સહિત 530 જેટલા પોલીસ જવાન તહેનાત રહેશે. આ અંગે જિલ્લા પોલીસ વડા મુકેશ પટેલે વધુ માહિતી આપી.

530 પોલીસ કર્મચારીઓનો જીલ્લાના તમામ સ્થળોએ ચુસ્ત બંદોબસ્ત રહેશે. ૨૫ પેટ્રોલિંગ વાહનોમાં ૧૦૦ પોલીસ કર્મચારી અને ૫૦ ટ્રાફિક જવાનો કામગીરી કરશે.

------------